# "SUDARSHAN"

Weekly E-bulletin of Rotary club of Surat

7th January 21-22

Rotary club of Surat

SERVE TO CHANGE LIVES

Issue -23

R.I. President
**Shekhar Mehta**

District Governor
**Santosh Pradhan**

President
**Bhishma Jariwala**

Hon. Secretary
**Nikhil Madrasi**

Editor
**R'ann Manjari Desai**

We meet every Friday
Dr. Sarosh Bhacca Memorial Rotary Hall,
Jeevan Bharti School Annexe, Timaliawad,
Nanpura, Surat - 395001
For Private Circulaion only

# ત્રિરંગી સાંજ - ત્રિરંગી મહેફિલ

અદભુત આહલાદક અને અણમોલ એવી તારીખ ૩૦.૧૨.૨૦૨૧ ને ગુરુવારની સાંજે રોટરી હોલમાં રચાયો હતો ભેટ, ભોજન અને ક્રિકેટ હરાજીનો ત્રિકોણ.

રાષ્ટ્રગાન, નિમિષ મહેતા દ્વારા ફોર-વે ટેસ્ટ, ભીષ્માબેન દ્વારા સ્વાગત પ્રવચન અને નિખિલભાઇ દ્વારા સંચાલન. 2021 ની બાય બાય અને 2022 ને વેલકમ આ બે હેતુઓ માટે યોજાયેલ ૩૦.૧૨.૨૦૨૧ની સભાની શરૂઆત **"Secret Santa"** દ્વારા થઇ. ત્રિઅંકી સાંજનો આ પહેલો અંક કંઈક મજેદાર રહ્યો. રોટરી મિત્રો બીજા રોટરી મિત્ર માટે ગિફ્ટ લાવ્યા, 'સાન્ટા' બનીને ગિફ્ટ આપતી વખતે જેને આપે છે તેનું સુંદર વર્ણન **' પહેચાન કૌન ? '** સ્ટાઇલથી કર્યું. પ્રેક્ષકોમાંથી સતરંગી જવાબો અને નિખિલભાઇ ના અજબ ગજબના સવાલોથી સમગ્ર સભાખંડમાં હાસ્યની છોળો ઊડી, મસ્તી ની મહેફિલ જામી અને ખૂબ મજા આવી. આની પાછળનું ભેજું હતું દેશના મંથન મદ્રાસી.

ત્રિરંગી સાંજ - દ્વિતીય અંક એટલે રોટરી મિત્રો દ્વારા લાવવામાં આવેલ અવનવી વાનગીઓની મિજબાની **"ડબ્બા પાર્ટી"**. સૌ મિત્રો પ્રેમથી વાનગીઓ બનાવીને લાવ્યા. દાબેલી, કચોરી, હાંડવો, ઢોકળા, ખમણ, સુખડી, ભૂંગળા બટાકા, પુલાવ કઢી અને ઘણું બધું સાથે ખુબ જ મજેદાર કુલ્ફી ને સર્વેએ આનંદથી પેટ ભરીને માણી. ત્રીજો અને છેલ્લો અંક એટલે **'બોક્સ ક્રિકેટ'** માટેની ક્રિકેટ ટીમની પસંદગી. કોણ કોને લઈ જાય એમાં જબરી કાઢમકાઢી- બધાને બહુ મજા પડી જોકે આ ક્રિકેટ મેચ પ્રવર્તમાન સમયને ધ્યાનમાં રાખીને મુલતવી રાખવામાં આવી છે. એકંદરે મજા કરી ખૂબ મજા કરી છૂટા પડ્યા. સંચાલન મંથન મદ્રાસીએ કર્યું હતું





**Congratulations !**
**RCS Team : 2022-2023**



- President : CA Tejas Gandhi
- Imm. Past President : Bhishma Jariwala
- President (2023-24) : Sandip Nanavati
- President (2024-25) : Vijay Methwani
- Hon. Secretary : Kundan Shah
- Hon. Jt. Secretary : Ketan Patel
- Hon. Treasurer : Nilesh Jariwala
- Directors : PP Dr. Ajay Mahajan
  PP Kamal Gandhi
  Vineet Panchal
  Alpesh Shetranjiwa
  Jay Mistry

PEACEBUILDING AND CONFLICT PREVENTION | DISEASE PREVENTION AND TREATMENT | WATER, SANITATION, AND HYGIENE | MATERNAL AND CHILD HEALTH | BASIC EDUCATION AND LITERACY | COMMUNITY ECONOMIC DEVELOPMENT | ENVIRONMENT

# ભૂલકાંઓનું સ્મિત

વર્ષોથી ચાલતા બાલ આંગણવાડીના ભૂલકાંઓને દર અઠવાડિયે પૌષ્ટિક નાસ્તો ખવડાવવાના આ પ્રોજેક્ટ દ્વારા આપણે ઈશ્વરની આરાધના કરીએ છીએ. પ્રભુના બાળકોને ભોજન પીરસી પ્રભુ કાર્યમાં આપણે ફાળો આપીએ છીએ. તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૦ એટલે કે નવું વર્ષ. રોટેરીયન ગિરીશ શેટ્ટીએ આ નવા વર્ષની શરૂઆત લગભગ ૪૫ જેટલા નાના ભૂલકાઓને નાસ્તો કરાવીને કરી. ચોક્કસ જ ગિરીશભાઈનું ૨૦૨૨નું વર્ષ ઉત્તમ રહેશે. શ્રી ગિરીશભાઈ અને અંજલિ બેન ને અભિનંદન આ ઉમદા કાર્ય માટે.





# શિયાળાની ઠંડીમાં રોટરીની હૂંફ





શિયાળાની કડકડતી ઠંડીમાં લોકોને હૂંફ આપવા પ્રોજેક્ટ અવિરત ચાલી રહ્યો છે. દયા સહાનુભૂતિ અને પ્રેમ નો પ્રચાર કરવો અને એના દ્વારા માનવ સેવા કરવી એ જ સાચી પ્રભુસેવા છે, પ્રભુ ભક્તિ છે. શિયાળામાં પ્રેમની હૂંફ લઇ, વ્હાલની હૂંફ લઈને રોટરી ક્લબ ઓફ સુરત ના મિત્રો લાલ રંગનાં હૂંફાળા સુંદર સ્વેટર લઈને નાના ભૂલકાઓને જેની પાસે ઠંડી રોકવા સ્વેટર નથી એવા ભૂલકાઓ ની પાસે પહોંચી જાય છે અને એ સ્વેટરો એમને પહેરાવી એમની ખુશી ને નિહાળી પોતે ખુશ થાય છે. પ્રેસિડેન્ટ ભીષ્મા જરીવાલા, સેક્રેટરી નિખિલ મદ્રાસી તથા પીડીજી હિતેશભાઈ જરીવાલા રાવ સાહેબ જે.સી મુનશી શાળા, સણીયા કણદે શાળા અને તાલીમ ભવન-ઉમરપાડા જઈને ત્યાં બાળકોને સ્વેટર પહેરાવી એક ઉમદા કાર્ય કર્યું હતું અને આ શિયાળાની કડકડતી ઠંડીમાં એમને રાહત આપવાની કોશિશ કરી હતી.




**ADRAG – INDIA**
**launched District**
**Level Programme**

**RCS Chairman**
**Dr. Sarosh Bhacca**

**RI Exchange rate**
**for**
**January 2022**

**$1 = ₹74**




**Trupti Modi**
11th January 2022


Wishing you
beautiful moments,
treasured memories,
and all the blessings
a heart can know.
Happy New Year